# રાજય કૃષિ યુનિવર્સિટીઓ, ગુજરાત

**જુનીયર કલાર્ક સંવર્ગની જાહેરાત ક્રમાંક : ૨/૨૦૧૮ અન્વયે જે જનરલ કેટેગરીના ઉમેદવારોએ ફી ૧૦૦૦/- ફી ભરેલ હોય તેવા EWS કેટેગરીના ઉમેદવારોને અનામત કેટેગરીની ફી અંગેનો લાભ આપવા બાબત....**

વંચાણે:- ૧. જુનીયર કલાર્ક સંવર્ગની જાહેરાત ક્રમાંક : ૨/૨૦૧૮

૨ જુનીયર કલાર્ક સંવર્ગની સુધારેલ જાહેરાત ક્રમાંક : ૨/૨૦૧૮

૩ રાજય કૃષિ યુનિવર્સિટીઓની તા.૨૧/૦૬/૨૦૧૮ના રોજ આણંદ કૃષિ યુનિવર્સિટી, આણંદ ખાતે તા.૨૪/૦૭/૨૦૧૮ એન કોર્ડ સોલ્યુસન, ગાંધીનગર અને તા.૧૧/૦૯/૨૦૧૮ના રોજ રાજય કૃષિ યુનિવર્સિટી પરિષ્દ, ગાંધીનગર ખાતે મળેલ બેઠકની કાર્યવાહી નોંધ

૪. રાજય કૃષિ યુનિવર્સિટીઓની તા.૨૬/૦૨/૨૦૧૯ના રોજ આણંદ કૃષિ યુનિવર્સિટી, આણંદ ખાતે મળેલ બેઠકની કાર્યવાહી નોંધ

૫. રાજય કૃષિ યુનિવર્સિટીઓની તા.૦૬/૧૨/૨૦૨૧ના રોજ નવસારી કૃષિ યુનિવર્સિટી, નવસારી ખાતે મળેલ બેઠકની કાર્યવાહી નોંધ

## :: પરિપત્ર ::

આથી જણાવવામાં આવે છે કે વંચાણે લીધેલ-૧ અને ૨ની જાહેરાતમાં જનરલ કેટેગરીના જે ઉમેદવારોએ **રૂ.૧૦૦૦**/- ફી ભરેલ હોય અને ત્યારબાદ EWS કેટેગરીનો લાભ લીધેલ હોય તેવા ઉમેદવારોને અનામત કેટેગરીની નક્કી કરેલ ફીના ધારા-ધોરણ મુજબ **રૂ.૨૫૦**/- ફીનો લાભ મળવાપાત્ર થાય છે.

જુનીયર કલાર્ક સંવર્ગની સુધારેલ જાહેરાતમાં **EWS અનામત** કેટેગરીનો લાભ મેળવેલ હોય અને ફી જનરલ કેટેગરીના ઉમેદવારોની જેમ **રૂ.૧૦૦૦**/- જમા કરાવેલ હોય તેવા ઉમેદવારોને **રૂ.૭૫૦**/- પરત કરવાના થાય છે.

જે ઉમેદવારોએ જનરલ કેટેગરી તરીકે ફી **રૂ.૧૦૦૦**/- ભરેલ હોય અને ત્યારબાદ રાજયની કૃષિ યુનિવર્સિટીની ઓનલાઈન અરજી પત્રકમાં EWS કેટેગરીનો લાભ લીધેલ હોય તેવા ઉમેદવારોએ નીચે મુજબની લીંક ઉપર જઈ પોર્ટલમાં EWS કેટેગરીનું સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગના ઠરાવ ક્રમાંક : ઈડબ્લ્યુએસ/૧૨૨૦૧૯/૪૫૯૦૩/અ, તા.૨૫/૧/૨૦૧૯ની સાથે બિડેલ નિયત નમુનાનું **(તા.૧૪/૧/૨૦૧૯ થી તા.૦૨/૦૭/૨૦૧૯)** પરિશિષ્ટ-ગ (ગુજરાતીમાં) અને **Annexure-KH** (અંગ્રેજીમાં) મુજબનુ EWS કેટેગરીનું પ્રમાણપત્ર મેળવેલ હોય તે અપલોડ કરી પોર્ટલમાં દર્શાવ્યા મુજબની ઉમેદવારે પોતાની પૂરેપૂરી વિગતો ભરીને ઓનલાઈન અરજી ફરજીયાત સબમીટ કરવાની રહેશે(**હાર્ડકોપીની જરૂરીયાત નથી**).

જે ઉમેદવારોએ ઉપર મુજબ ઓનલાઈન અરજી કરેલ હશે તેવા જ ઉમેદવારોને જ **રૂ.૭૫૦**/- પરત કરવામાં આવશે. ઓનલાઈન પોર્ટલની લીંક તા.૧૫/૬/૨૦૨૨ના બપોરે ૧૨:00 કલાક પછી રાજયની ચારેય કૃષિ યુનિવર્સિટી ઓની વેબસાઈટ **www.nau.in** **www.aau.in** **www.jau.in** અને **www.sdau.in** ઉપર લીંક જોવા મળશે.જે પોર્ટલ તા.૧૫/૬/૨૦૨૨ના રોજ બપોરે ૧૨:00 કલાકથી તા.30/૬/૨૦૨૨ના રોજ રાત્રીના ૧૨:00 કલાક સુધી ચાલુ રાખવામાં આવશે. **હેલ્પલાઈન નંબર/email id** પોર્ટલમાં દર્શાવેલ છે, જેની ઉમેદવારોએ નોંધ લેવી. **જો કોઈ ઉમેદવાર ખોટી વિગતો રજુ કરશે તો તે માન્ય રહેશે નહિં. જેથી ઓનલાઈન અરજી કરતા પહેલા દરેક ઉમેદવારે પોતાની પાત્રતા નક્કી કર્યા બાદ જ અરજી કરવાની રહેશે.**

**જા.નં.નકૃયુ/રજી/અ.૨.૧/૫૫૫૬ - ૫૯ /૨૦૨૨**
**નવસારી. તારીખ:૧૩/૦૬/૨૦૨૨**

**કુલસચિવ**
**નવસારી કૃષિ યુનિવર્સિટી,**
**નવસારી**

**નકલ સવિનય રવાના જાણ તેમજ અમલ થવા સારૂ.**

**૧.** રાજયની ચારેય કૃષિ યુનિવર્સિટીઓ તરફ વેબસાઈટ ઉપર પ્રસિદધ કરવા સારુ.

**૨.** GNFCને ઉકત સમયગાળા દરમ્યાન ઓનલાઈન સેવા અવિરત ચાલુ રહે તે અર્થે કાર્યવાહી કરવા જાણ તથા અમલ થવા સારુ.